# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-09-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર જાગૃતિ વકીલ વાંચે છે.

---

## PM – ઉત્તરાખંડ મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે દહેરાદૂનમાં ઉત્તરાખંડના અસરગ્રસ્ત વિસ્તારો માટે બારસો કરોડ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી. શ્રી મોદીએ પૂરની સ્થિતિ અને વાદળ ફાટવા, વરસાદ અને ભૂસ્ખલનને કારણે થયેલા નુકસાનની સમીક્ષા કરવા ઉત્તરાખંડ પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવી એક ઉચ્ચ સ્તરીય બેઠક કરી.

**-----------------------------------------------------------------------------------------**

## સેવા પખવાડા : દેશ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી આ મહિનાની 17મી તારીખથી દેશભરમાં સેવા પખવાડાનું આયોજન કરશે. નવી દિલ્હીમાં પાર્ટી મુખ્યાલયમાં મીડિયાને સંબોધતા, પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, સેવા પખવાડા 2 ઓક્ટોબર, મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ સુધી ચાલુ રહેશે.

**-----------------------------------------------------------------------------------------**

## સેવા પખવાડા : રાજ્ય

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ‘સ્વચ્છતા હી સેવા’ અંતર્ગત યોજાનાર સ્વચ્છોત્સવ અભિયાનની અવધી લંબાવવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં હવે આ અભિયાન 17 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર સુધી યોજાશે. એટલે કે, ગુજરાતમાં માત્ર એક જ**

**પખવાડિયું નહીં પરંતુ ત્રણ પખવાડિયા સુધી રાજ્યના મહાનગરો, ગામડાઓ અને સરકારી કચેરીઓ સહિતના જાહેર સ્થળો ખાતે સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. નોંધનીય છે કે, મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારત સ્વપ્નને સાકાર કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કાર્યભાળ સંભાળતાની સાથે જ વર્ષ 2014 થી રાષ્ટ્રવ્યાપી 'સ્વચ્છ ભારત મિશન'નો પ્રારંભ કરાવ્યો હતો. જેને આ વર્ષે 11 વર્ષ પૂર્ણ થશે.**

**---------------------------------------------------------------------------------**

## આચાર્ય દેવવ્રત : મહારાષ્ટ્રના રાજ્યપાલનો વધારાનો હવાલો

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને હવે ગુજરાતની સાથે-સાથે મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના વર્તમાન રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણન ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિ ભવન દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન મુજબ, રાષ્ટ્રપતિ દ્વારા આ જવાબદારી તેમને મહારાષ્ટ્ર માટે નવા કાયમી રાજ્યપાલની નિયુક્તિ ન થાય ત્યાં સુધી સોંપવામાં આવી છે.

**---------------------------------------------------------------------------------**

## CM – સુઇ મુલાકાતે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વરસાદથી પ્રભાવિત બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લીધી. તેમણે સૌથી વધુ અસરગ્રસ્ત સૂઇગામની મુલાકાત લઈ પરિસ્થિતિનું સ્થળ નિરીક્ષણ કરી રાહત-બચાવ અને સ્થિતિ પૂર્વવત કરવાના કામોની સમીક્ષા કરી. શ્રી પટેલે સુઈગામના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આશ્રય લઈ રહેલા ગ્રામજનોને મળી તેમને મળતી જરૂરી સુવિધાઓ વિશેની વિગતો પણ મેળવી હતી.

**---------------------------------------------------------------------------------**

## વિશેષ આરોગ્ય અભિયાન : ભુજ-ભચાઉ

કચ્છમાં ભારે વરસાદ બાદ રોગચાળો અટકાવવા જિલ્લા વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન હેઠળ ભુજ અને ભચાઉ તાલુકામાં વિશેષ આરોગ્ય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

નગરપાલિકા દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગ માખી-મચ્છરથી ફેલાતા રોગોને અટકાવવા દવા છંટકાવની કામગીરી કરી રહ્યું છે. ભચાઉ તાલુકા આરોગ્ય અધિકારી ડો. નારાયણ સિંઘના નેતૃત્વમાં આરોગ્ય કર્મચારીઓ અને આશા વર્કર્સની ટીમો ઘરે-ઘરે સર્વે કરી રહી છે.

પાણીજન્ય રોગો અટકાવવા ક્લોરિનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

----------------------------------------------------------------------------------------

## અંજાર : ખાદી ગ્રામોદ્યોગ ભંડાર

અંજાર શહેરમાં લાંબાગાળા બાદ ફરીથી `ખાદી ગ્રામોદ્યોગ ભંડાર'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેના થકી લોકોમાં સ્વદેશી વસ્તુઓના વપરાશ માટે જાગૃતિ આવશે તેવી લાગણી આ પ્રસંગે વ્યક્ત કરાઈ હતી. અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. શહેરમાં ફરીથી ખાદી ભંડાર શરૂ કરાતા શહેરીજનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

----------------------------------------------------------------------------------------

## LLDC મ્યુઝિયમ

એલ.એલ.ડી.સી. ક્રાફ્ટ મ્યુઝિયમ 'લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર' ખાતે 'લિવિંગ એમ્બ્રોઈડરીઝ ઓફ કચ્છ' મુખ્ય ગેલેટી આગામી નવાં પ્રદર્શનની તૈયારીના ભાગરૂપે ૧૨ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી મુલાકાતીઓ માટે બંધ રહેશે, જેમાં તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫થી નવું પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવશે અને મુલાકાતીઓ અવનવી કલાકૃતિઓ જોઈ શકશે. આ દરમ્યાન મ્યુઝિયમમાં આવેલી અંડર ધ એમ્બ્રોઈડર્ડ સ્કાય (ભરતભરેલા આકાશ

નીચે) ગેલેરી મુલાકાતીઓ માટે ચાલુ જ રહેશે. સાથે હેન્ડ્સ ઓન ક્રાફ્ટ, શોપ તેમજ કાફે-કેન્ટીન પણ યથાવત્ ચાલુ રહેશે.

-----------------------------------------------------------------------------------

## ભુજ RTO – જનજાગૃતિ

આરટીઓ તેમજ ટ્રાફિક પોલીસ શાખા, ભુજના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ સપ્ટેમ્બરના સવારે ૧૧ વાગ્યે માર્ગ સલામતી અંતર્ગત જનજાગૃતિ માટે અહીંની આરટીઓ કચેરી ભુજ ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આ કાર્યક્રમમાં મોટર ડ્રાઇવિંગ સ્કૂલના સંચાલકો તથા રસ ધરાવતાને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

-----------------------------------------------------------------------------------

## વિદ્યાસહાયકો કચ્છ નિમણૂક

કચ્છ જિલ્લામાં વિદ્યાસહાયકની સ્પેશીયલ ભરતી (ધોરણ 1 થી 5 ગુજરાતી માધ્યમ) વર્ષ 2025ના ઉમેદવારો કે જેઓએ ગાંધીનગર ખાતે 18 ઓગસ્ટ થી 3 સપ્ટેમ્બર દરમિયાન જિલ્લા પસંદગી કરેલ છે તે ઉમેદવારો માટે જિલ્લા કક્ષાએ શાળા/સ્થળ પસંદગી અને નિમણૂંક અંગેની પ્રક્રિયાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. કચ્છ જિલ્લામાં પસંદગી પામેલા ઉમેદવારોને આગામી તા.18 સપ્ટેમ્બરે હુકમ અપાશે.

-----------------------------------------------------------------------------------